सत्यमेव जयते

**-:નમુનો-અ:-** **આંક-**

**નેત્રંગના મહેરબાનશ્રી જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**

**(શ્રી એચ.આર.ખમલ) સાહેબની કોર્ટમાં, મુકામ : નેત્રંગ**

**ચુકાદાની તારીખ: ૧૮/૦૬/૨૦૨૬**

**ફોજદારી કેસ નં. : ૩૯૦/૨૦૨૫**

**ગુનાની વિગત**

| | |
|---|---|
| ગુનાની કલમ | **ધી ગુજરાત પ્રોહીબીશન એકટ,૧૯૪૯ ની કલમ-૬૫ (એ)(ઈ),૯૮(૨), ૮૧,૧૧૬(ખ)** |
| પ્રથમ માહીતી અહેવાલ નંબર | ગુ. ૨. નં.- ૧૧૧૯૯૦૦૫૨૩૦૩૩૫/૨૦૨૩ |
| પોલીસ સ્ટેશન | નેત્રંગ પો.સ્ટે. |
| ફરીયાદીપક્ષ | સરકારશ્રી |
| રજુઆત | વિ.એ.પી.પી. શ્રી પી.આર.ચૌધરી |
| આરોપીપક્ષ | **૧. ભરતભાઈ બુધીયાભાઈ ગુલભાભાઈ વસાવા**<br>ઉ.વ.૩૨, ધંધો-મજુરી<br>રહે-કેલ્વીકુવા વડ ફળીયું, તા. નેત્રંગ,જી.ભરૂચ.<br>**૨. ચંન્દ્રકાંતભાઈ મહેન્દ્રભાઈ વેચાણભાઈ વસાવા**<br>ઉ.વ.૨૫, ધંધો-મજુરી<br>રહે- મોટા, માલપોર સ્ટેશન ફળીયું,<br>તા. નેત્રંગ,જી.ભરૂચ.<br>**૩. કલ્પેશભાઈ ગોનજીભાઈ વાલજીભાઈ વસાવા**<br>ઉ.વ.૩૨, ધંધો-મજુરી<br>રહે- ચીકદા પટેલ ફળીયું<br>,તા.ડેડીયાપાડા,જી.નર્મદા.<br>**૪. રાધાબેન દલાભાઈ ઉર્ફે ગોટીયો રૂપાભાઈ વસાવા**<br>ઉ.વ.૪૦, ધંધો-ઘરકામ<br>રહે-કેલ્વીકુવા નવી વસાહત, તા.નેત્રંગ,જી.ભરૂચ |

| | |
|---|---|
| રજુઆત | આરોપી તરફે વિ.વ.શ્રી.એસ.એસ.વસાવા |

**-:નમૂનો-બ:-**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૧૩/૦૫/૨૦૨૩ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૩/૦૫/૨૦૨૩ |
| આખરી અહેવાલની તારીખ | ૦૧/૦૯/૨૦૨૩ |
| તહોમતનામાની તારીખ | ૦૫/૦૬/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૫/૦૬/૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૮/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૮/૦૬/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | - |

**::આરોપીની વિગત::**

| **આરોપીનો અનુક્રમ** | **આરોપીનું નામ** | **ધરપકડની તારીખ** | **જામીન મુકિત તારીખ** | **તહોમત** | **શું નિર્દોષ છોડયું /સજા કરી** | **કરવામાં આવેલ સજા** | **સુનાવણી દરમિયાન અટકાયતનો સમય ગાળો ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૪૨૮ મુજબ.** |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧. | ભરતભાઈ બુધીયાભાઈ ગુલભાભાઈ વસાવા | ૧૩/૦૫/૨૦૨૩ | ૧૯/૦૫ /૨૦૨૩ | ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ ની કલમ- ૬૫(એ)(ઈ) ૯૮(૨), ૮૧ | તમામને નિર્દોષ છોડયા | | |
| ૦૨ | ચંન્દ્રકાંતભાઈ મહેન્દ્રભાઈ વેચાણભાઈ વસાવા | ૧૩/૦૫/૨૦૨૩ | ૧૯/૦૫ /૨૦૨૩ | | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૦૩ | કલ્પેશભાઈ ગોનજીભાઈ વાલજીભાઈ વસાવા | ૧૮/૦૫/૨૦૨૩ | ૨૫/૦૫/૨૦૨૩ | ,૧૧૬(ખ) | | | |
| ૦૪ | રાધાબેન દલાભાઈ ઉર્ફે ગોટીયો રૂપાભાઈ વસાવા | ૦૭/૦૬/૨૦૨૩ | ૧૩/૦૬/૨૦૨૩ | | | | |

**::નમૂનો ક::**

**ફરિયાદી / બચાવ / ન્યાયાલય ના સાક્ષીની યાદી**

**<u>અ. ફરિયાદ પક્ષ</u>**

| **અનુક્રમ** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| ફ.સા. ૧ | વિજયસિંહ કાનાભાઈ મોરી | ફરીયાદી |
| ફ.સા. ૨ | પિન્ટુભાઈ મીઠાલાલ જૈન | પંચ સાહેદ |
| ફ.સા. ૩ | રમેશભાઈ ધનજીભાઈ વસાવા | ત.ક.અમલદાર |

**ફરીયાદી / બચાવ / ન્યાયાલય ના આંકની યાદી**

**<u>અ. ફરિયાદ પક્ષ</u>**

| **અનુક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | ૧૦ | પંચ સાહેદ પિન્ટુભાઈ મીઠાલાલ જૈનની જુબાની |
| ૨ | ૧૧ | રેઈડ અંગેનુ પંચનામુ |
| ૩ | ૧૨ | મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામું |
| ૪ | ૧૮ | ફરીયાદી વિજયસિંહ કાનાભાઈ મોરીની જુબાની |
| ૫ | ૧૯ | ફરીયાદ |

| | | |
|---|---|---|
| ૬ | ૨૪ | ત.ક.અમલદાર રમેશભાઈ ધનજીભાઈ વસાવાની જુબાની |

**::–ચુકાદો–::**

**(૧) કેસની ટૂંકી હકીકત :–**

ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત જોઈએ તો, આ કામના આરોપી નંબર–૧ તથા ૨ નાઓએ તા.૧૩/૦૫/૨૦૨૩ ના રોજ મોજે કેલ્વીકુવાથી બોરખાડી જવાના રોડ ઉપર પોતાના કબજામાંની બજાજ પલ્સર મોટરસાઈકલ જેનો નંબર જી.જે–૧૬–સી.સી–૫૬૦૪ ઉપર ગેરકાયદેસર વગર પાસ પરમીટે ભારતીય બનાવટના બીયરના ટીન નંગ–૧૯૨ જેની કિંમત રૂપિયા ૧૯,૨૦૦/– નો રાખી હેરાફેરી કરી તથા આરોપી નંબર–૩ નાએ સદર મુદ્દામાલ આપી જઈ તથા આરોપી નંબર–૪ નાએ સદર મુદ્દામાલ મંગાવી એકબીજાની મદદગારી કરી,સદર આરોપીઓએ ગુન્હો કરેલ હોય, જેથી ફરિયાદીએ સદર બનાવ અંગે ફરીયાદ આપેલ. જેના અનુસંધાને ગુન્હો રજીસ્ટર થયેલ અને તપાસના અંતે તપાસ કરનાર અમલદાર દ્વારા હાલના આરોપી વિરૂધ્ધ ઉપરોકત નંબરથી અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે.

**(૨) ન્યાયિક કાર્યવાહી :–**

આરોપી સામે ચાર્જશીટ રજૂ થતાં આરોપી સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, આરોપીને સમન્સ/વોરંટ ધોરણસર બજી જતાં જેનાં અનુસંધાને આરોપી અત્રેની અદાલતમાં ઉપસ્થિત થયેલ. ત્યારબાદ આરોપીને બી.એન.એસ.એસ ની કલમ–૨૩૦ મુજબ ચાર્જશીટ તથા તમામ પોલીસ પેપર્સની નકલો મળી ગયેલ હોવાની ખાત્રી કર્યા બાદ આંક–૦૪ થી તહોમતનામું ફરમાવી, આંક–૦૫ થી આંક–૦૮ સુધી ગુન્હા અંગે સમજ આપી નિવેદન લેવામાં આવતાં આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરેલ. ત્યારબાદ ફરિયાદ પક્ષનો પુરાવો લેવામાં આવેલ.

(૩) ત્યારબાદ ફરીયાદ પક્ષે મૌખિક રીતે પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. ફરિયાદ પક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ કામે આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવતા, આરોપીએ ફરિયાદ પક્ષનો પુરાવો તેઓની રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. જયારે બાકીના પૂછવામાં આવેલ પ્રશ્નોનો ઈન્કારીયતભર્યો જવાબ

આપી, જાતે સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં રજૂઆત કરેલ છે કે તેઓ નિર્દોષ છે, તેઓને ખોટી રીતે ગુનાના કામે સંડોવી દીધેલ છે. નિર્દોષ છોડી મુકવા રજૂઆત છે.

**(૪)** ત્યારબાદ ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો સાંભળી તથા આરોપી તરફે વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.

**<u>-::મુદાઓ::-</u>**

| | |
|---|---|
| **(૧)** | શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે આ કામના આરોપી નંબર-૧ તથા ૨ નાઓએ તા.૧૩/૦૫/૨૦૨૩ ના રોજ મોજે કેલ્વીકુવાથી બોરખાડી જવાના રોડ ઉપર પોતાના કબજામાંની બજાજ પલ્સર મોટરસાઈકલ જેનો નંબર જી.જે-૧ ૬-સી.સી-૫૬૦૪ ઉપર ગેરકાયદેસર વગર પાસ પરમીટે ભારતીય બનાવટના બીયરના ટીન નંગ-૧૯૨ જેની કિંમત રૂપિયા ૧૯,૨૦૦/- નો રાખી હેરાફેરી કરી તથા આરોપી નંબર-૩ નાએ સદર મુદ્દામાલ આપી જઈ તથા આરોપી નંબર-૪ નાએ સદર મુદ્દામાલ મંગાવી એકબીજાની મદદગારી કરી,સદર આરોપીઓએ ગુન્હો કરેલ હોય, **ધી ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ ની કલમ-૬૫(એ)(ઈ),૯૮(૨),૮૧, ૧૧૬(ખ)** મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે? |
| **(૨)** | શું હુકમ? |

**(૫)** ઉપરોકત મુદાઓના પરત્વે મારા નિર્ણયો નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

| | |
|---|---|
| **(૧)** | **નકારમાં.** |
| **(૨)** | આખરી હુકમ મુજબ |

**<u>-::કારણો::-</u>**

**<u>મુદા નંબર :- ૧</u>**

**(૬.૧)** ફરિયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતા, **ફરિયાદપક્ષે આંક-૧૮ થી ફરીયાદી વિજયસિંહ કાનાભાઈ મોરી**ને તપાસવામાં આવેલા છે.

તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,સને ૨૦૨૩ની સાલમાં હું નેત્રંગ પોલીસ સ્ટેશન ખાતે અ.હે.કો.તરીકે ફરજ બજાવતો હતો તે સમય દરમ્યાન તા.૧ ૩/૦૫/૨૦૨૩ ના રોજ હું તથા પી.એસ.આઈ.શ્રી કે.એન.વાઘેલા તથા અન્ય પોલીસ સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમીદારથી બાતમી મળેલ કે , કેલ્વીકુવા પાટીયાથી બોરખાડી ગામ તરફ જવાના રસ્તા ઉપર બોરખાડી તરફથી એક પલ્સર મોટરસાઈકલ ઉપર વિદેશી દારૂનો જથ્થો ભરી બે ઈસમો કેલ્વીકુવા ગામ તરફ આવે છે. તે બાતમી મળતા બે પંચોના માણસો (૧) બકુભાઈ મથુરભાઈ વસાવા તથા (૨) પિન્ટુભાઈ મીઠાલાલ જૈનનાઓને બોલાવી તેમને તથા સ્ટાફના માણસોને બાતમી હકીકતથી વાકેફ કરી બાતમીવાળી જગ્યા વોચમાં ગોઠવાયેલ તે દરમ્યાન બોરખાડી ગામ તરફથી એક મોટરસાઈકલ આવતા તેને ઉભી રાખી રસ્તા પર કોડન કરી પકડી પાડેલ અને મોટરસાઈકલ ચાલક તથા તેની પાછળ બેસેલ ઈસમનું નામ પુછતાં તેણે પોતાનું નામ ચંન્દ્રકાંતભાઈ મહેન્દ્રભાઈ વસાવા, રહે.મોટા માલપોરના હોવાનું જણાવેલ તેની અંગઝડતી કરતા એક વીવો કંપનીનો મોબાઈલ  મળી આવેલ અને મોટરસાઈકલનો નંબર જોતાં જી.જે.૧૬-સી.સી.૫૬૦૪ નો લખેલ જણાઈ આવેલ. ત્યારબાદ મોટરસાઈકલ તથા પકડાયેલ ઈસમો તથા તેમની પાસેના મીણીયા થેલા સાથે પોલીસ સ્ટેશનમાં લઈ જઈ મીણીયા થેલામાં જોતાં ભારતીય બનાવટના વિદેશીદારૂની બીયરના ટીન કુલ નંગ-૧૯૨ કિં મત રૂપિયા ૧૯,૨૦૦/- નો પ્રોહી મુદ્દામાલ મળી આવેલ જેથી સદર  મુદ્દામાલ તથા મોટરસાઈકલ કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- તથા મોબાઈલ કિંમત રૂપિયા ૫૦૦૦/- મળી કુલ કિંમત રૂપિયા ૭૪,૨૦૦/- નો  મુદ્દામાલ કબજે કરી તે અંગેનું વિગતવારનું પંચનામું કલાક ૨૨/૦૦ થી કલાક ૨૩/૪૫ સુધીનું પી.એસ.આઈ.શ્રી કે.એન.વાઘેલાનાઓએ કરી પં ચનામાની વિગતે પ્રોહી  મુદ્દામાલ વધુ તપાસ અર્થે કબજે કરેલ.આ પકડાયેલ  મુદ્દામાલ બાબતે આરોપી ચંન્દ્રકાંતભાઈને પુછતા આ  મુદ્દામાલ કલ્પેશભાઈ ગોનજીભાઈ વસાવા, રહે. ચીકદાનાઓ આપી ગયેલ અને આ જથ્થો રાધાબેન દલાભાઈ વસાવા, રહે. કેલ્વીકુવાનાઓને આપવાનો હોવાનું જણાવેલ .ત્યારબાદ સદર ગુનાના કામે અમોએ ફરીયાદ આપેલ.આજરોજ મને સદર ફરીયાદ બતાવવામાં આવે છે તે જોઈ કહું છું કે, તેમાં ફરીયાદી

તરીકે મારી સહી છે. જે હું ઓળખું છું. સદર ફરીયાદ આંક–૧૯ થી રજુ છે. આરોપીઓને જોયેથી ઓળખી શકું . આરોપી આજરોજ નામદાર કોર્ટમાં હાજર નથી.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ કથનોનો સ્વીકાર કરેલ છે કે,એ વાત ખરી છે કે, બોરખાડી ગામ નેત્રંગથી ૦૫–૦૬ કિ.મી દુર આવેલું છે. એ વાત ખરી છે કે, બોરખાડી મોટુ અને વસ્તીવાળુ ગામ છે. એ વાત ખરી છે કે, અમો ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં કરતા હતા તે વાહન કોની માલિકીના હતા અને તેનો નંબર શું હતો તે ફરીયાદમાં જણાવેલ નથી.એ વાત ખરી છે કે, ફરીયાદમાં બાતમીદારનુ નામ –સરનામું જણાવેલ નથી. એ વાત ખરી છે કે, રેડમાં જતી વખતે સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલ નથી. એ વાત ખરી છે કે, આરોપી નંબર–૩ અને ૪ ના પ્રત્યક્ષ કબજામાંથી મુદ્દામાલ મળી આવેલ નથી.

**(૬.૨)** ત્યારબાદ, ફરિયાદપક્ષે **આંક–૨૪ થી ત.ક.અમલદાર રમેશભાઈ ધનજીભાઈ વસાવા**ને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૨૩ની સાલમાં હું નેત્રંગ પોલીસ સ્ટેશન ખાતે અ.હે.કો.તરીકે ફરજ બજાવતો હતો તે સમય દરમ્યાન તા.૧૩/૦૫/૨૦૨૩ ના રોજ નેત્રંગ પો.સ્ટે.ગુ.ર.નં .૧૧૧૯૯૦૦૫૨૩૦૩૩૫/૨૦૨૩ થી પ્રોહી કલમ ૬૫(એ)(ઈ),૮૧,૯૮(૨),૧૧૬(બી) મુજબનો ગુનો દાખલ થયેલ જેની તપાસ અમોને સોંપવામાં આવેલી સદર ગુનાની ફરીયાદ હકીકત જોતાં અ.હે.કો.વિજયસિંહ કાનાભાઈ તથા પી.એસ.આઈ.શ્રી કે.એન.વાઘેલા તથા અન્ય પોલીસ સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમીદારથી બાતમી મળેલ કે કેલ્વીકુવા પાટીયાથી બોરખાડી ગામ તરફ જવાના રસ્તા ઉપર બોરખાડી તરફથી એક પલ્સર મોટરસાઈકલ ઉપર વિદેશીદારૂનો જથ્થો ભરી બે ઈસમો કેલ્વીકુવા ગામ તરફ આવે છે. તે બાતમી મળતા બે પંચોના માણસો (૧) બકુભાઈ મથુરભાઈ વસાવા (૨) પીન્ટુભાઈ મીઠાલાલ જૈનનાઓને બોલાવી તેમને તથા સ્ટાફના માણસોને બાતમી હકીકતથી વાકેફ કરી બાતમીવાળી જગ્યા વોચમાં ગોઠવાયેલ તે દરમ્યાન બોરખાડી ગામ તરફથી એક મોટરસાઈકલ આવતા તેને ઉભી રાખી રસ્તા ઉપર કોડન કરી

પકડી પાડેલ અને મોટરસાઈકલ ચાલક તથા તેની પાછળ બેસેલ ઈસમનું વારાફરતી પંચો રૂબરૂ નામઠામ  પુછતા મોટરસાઈકલ ચાલકે પોતાનું નામ ભરતભાઈ બુધીયાભાઈ વસાવા, રહે. કેલ્વીકુવા તથા પાછળ બેસેલ ઈસમનું નામ પુછતાં તેણે પોતાનું નામ ચંન્દ્રકાંન્તભાઈ મહેન્દ્રભાઈ વસાવા, રહે. મોટા માલપોરના હોવાનું જણાવેલ તેની અંગઝડતી કરતા એક વીવો કંપનીનો મોબાઈલ મળી આવેલ અને મોટરસાઈકલનો નંબર જોતા જી.જે.૧૬–સી.સી.૫૬૦૪ નો લખેલ જણાઈ આવેલ. ત્યારબાદ મોટરસાઈકલ તથા પકડાયેલ ઈસમો તથા તેમની પાસેના મીણીયા થેલા સાથે પોલીસ સ્ટેશને લઈ જઈ  મીણીયા થેલામાં જોતા ભારતીય બનાવટના વિદેશીદારૂની બીયરના ટીન કુલ નંગ–૧૯૨ કિંમત રૂપિયા ૧૯,૨૦૦/– નો પ્રોહી મુદ્દામાલ મળી આવેલ જેથી સદર મુદ્દામાલ તથા મોટરસાઈકલ કિંમત રૂપિયા ૫૦,૦૦૦/– તથા મોબાઈલ કિંમત રૂપિયા ૫૦૦૦/– મળી કુલ કિંમત રૂપિયા ૭૪,૨૦૦/– નો મુદ્દામાલ કબજે કરી તે અંગેનું વિગતવારનું પંચનામું કલાક ૨૨/૦૦ થી કલાક ૨૩/૪૫ સુધીનું પી.એસ.આઈ.શ્રી કે.એન.વાઘેલાનાઓએ કરી પંચનામાની વિગતે પ્રોહી મુદ્દામાલ વધુ તપાસ અર્થે કબજે કરેલ. આ પકડાયેલ મુદ્દામાલ બાબતે આરોપી ચંન્દ્રકાંતભાઈને પુછતા મુદ્દામાલ કલ્પેશભાઈ ગોનજીભાઈ વસાવા, રહે. ચીકદાનાઓ આપી ગયેલ અને આ જથ્થો રાધાબેન દલાભાઈ વસાવા, રહે. કેલ્વીકુવાનાઓને આપવાનું હોવાનું જણાવેલ. ત્યારબાદ સદર ગુનાના કામે અ.હે.કો.વિજયસિંહ કાનાભાઈનાઓએ ફરીયાદ આપેલ. ત્યારબાદ સદર ગુનાની અમોએ તપાસ સંભાળી સદર ગુનાના અન્ય આરોપી કલ્પેશભાઈ ગોનજીભાઈ વસાવા તથા રાધાબેન દલાભાઈ વસાવાનાઓની અટક કરેલ અને તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીઓને જોયેથી ઓળખી શકું આરોપીઓ નં.૧ ,૨,૪ નામદાર કોર્ટમાં હાજર છે. આરોપી નં.૩ કલ્પેશભાઈ આજરોજ નામદાર કોર્ટમાં હાજર નથી.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ કથનોનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, કુલ્વીકુવા પાટીયાથી બોરખાડી જવાના રસ્તા તરફ વાહનોની અવર જવર રહેતી હોય છે. એ વાત ખરી છે કે, વસ્તીવાળો વિસ્તાર હોઈ સાહેદો સહેલાઈથી

મળી રહે. એ વાત ખરી છે કે, તપાસ દરમ્યાન અમો ધ્વારા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધવામાં આવેલ નથી.એ વાત ખરી છે કે, અમો ધ્વારા બનાવ સમયે રેડીંગ પાર્ટી પેટ્રોલીંગમાં હતા તે અંગેનો કોઈ આધાર પુરાવો તપાસ દરમ્યાન રજુ  રાખેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મુદ્દામાલ મળી આવેલ નથી.

**(૬.૩)** ત્યારબાદ, ફરિયાદપક્ષે **આંક–૧૦**થી પંચ સાહેદ પિન્ટુભાઈ મીઠાલાલ જૈન નાઓને તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં **આંક–૧૧** વાળા રેઈડ અંગેના પંચનામામાં તથા **આંક–૧૨** વાળા મુદ્દામાલ કબજે કર્યા અંગેના પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે, તે સિવાય પંચનામાની અન્ય કોઈ વિગતને સમર્થન આપેલ નથી. જેથી **આંક–૧૧** વાળુ રેઈડ અંગેના પંચનામું તથા **આંક–૧૨** વાળુ મુદ્દામાલ કબજે કર્યા અંગેના પંચનામામાં પંચોની જુબાનીથી પુરવાર થતુ નથી.

**(૭)** આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતા આ કામે બનાવ સમયે હાલના આરોપી પાસેથી ઈગ્લીશ દારૂ કબ્જે કરેલ હોવાનો પ્રોસીકયુશનનો કેસ છે. ત્યારે કહેવાતી ઝડતીવાળી જગ્યા જાહેર જગ્યા છે વધુમાં આ કામે તપાસવામાં આવેલ પંચસાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી અને તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલ તેમ જણાવેલ છે. વધુમાં ફરીયાદીની ફરીયાદ જોતા તેમાં કોઈ જગ્યાએ પંચોના નામ જણાવેલ નથી. જો ઝડતી કરતા અગાઉ પંચોને બોલાવેલ હોત તો તે હકીકત તેઓએ ફરીયાદમાં જણાવેલ હોત, પરંતુ આવી કોઈ હકીકત ફરીયાદમાં જણાવેલ નથી અને નહી જણાવવા સંબંધે કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી. વધુમાં આ કામે ઝડતીવાળી જગ્યા જાહેર વિસ્તારમાં આવેલ હોવા છતાં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. તેમજ ઝડતી પંચનામામાં જગ્યાની ચર્તુ:દિશા પણ બતાવવામાં આવે છે. તેમજ આરોપી વિરૂધ્ધ ગેરકાયદેસર દારૂ રાખવાનો કેસ હોવા છતાં પંચોનો પુરાવો જોતા તપાસ કરનાર અમલદાર આરોપી કબજામાંથી દારૂ મળી આવેલ હોવાની હકીકતને પુરવાર કરી શકેલ નથી જેથી પંચોની

હાજરીમાં મુદામાલ કબ્જે કરેલ હોવાની હકીકત સબંધે શંકા ઉત્પન્ન થાય છે. વળી**, સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરૂધ્ધ ઓનકાર માનીક પટીલ (1980(2) MHLR 15)** માં પ્રસ્થાપ્રીત કરેલ છે કે, જયારે પંચસાહેદ દવારા પંચનામાને સમર્થન મળતુ ન હોય તેવા સંજોગોમાં ફરીયાદીની જુબાની પર આધાર રાખી શકાય નહી. વધુમાં **સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ સુરેશભાઈ એસ. પટેલ (૨૦૧૧(૨૬) જી. એચ. જે. ૦૧)** માં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે પંચસાહેદો ફરીયાદપક્ષે ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર થાય ત્યારે ફરીયાદીના પુરાવા પર આધાર રાખવો તે સલામતી ભર્યું ગણાય નહી. વધુમાં**, માનસિંગ મુળુભાઈ કાઠી દરબાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત (૨૦૧૨ જે. એકસ. (ગુજ) ૨૩૮)** માં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત કરેલ છે કે, જો કોઈ પંચસાહેદો ફરીયાદીના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી રીકવર કરેલ મૃદામાલ શીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતો હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતો વિરોધાભાસ જણાતો હોય તો આરોપીને શંકાનો લાભ આપી શકાય. સદર કામે પ્રમાણીત ટેસ્ટીગ લેબોરેટીરી તરફથી પકડાયેલ પ્રવાહી નશાકારક છે કે નહી, તે અંગેનો કોઈ રીર્પોટ ફરીયાદપક્ષ દવારા અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ નથી.તેમજ ફરિયાદીની જુબાનીમાં ઉલટતપાસ જોતા તેઓએ પેટ્રોલીંગ બુક નીભાવવાની હોય અને તો તે અંગેની નોંધ કરવાની હોય છે તેમ છતા તેઓ ધ્વારા સદર કામે પેટ્રોલીંગ બુકની નકલ રજુ રાખેલ નથી. તેમજ આ કામે જે ફરીયાદીનો પુરાવો રજુ થયેલ છે તે પોલીસ સાહેદ છે પરંતુ સદર સાહેદની જુબાનીમાં વિશ્વનીયતા જણાય આવતી નથી. ફરીયાદીના પુરાવાને જયાં સુધી તટસ્થ સાહેદોનાં પુરાવાથી સમર્થન ન મળે ત્યાં સુધી તેનાં પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી અને આ કામે તપાસેલ પંચસાહેદ તટસ્થ પંચસાહેદ છે. તેમ છતાં તેઓએ આરોપી પાસેથી દારૂ કબ્જે કરેલ હોવાની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી જે હકીકત ધ્યાને લેતા પણ ફરિયાદીનાં પુરાવાને તટસ્થ સાહેદોનાં પુરાવાથી સમર્થન મળેલ ન હોય, તેનાં પુરાવા ઉપર આધાર રાખી શકાય નહીં. તેમજ ફરિયાદીની જુબાનીને સ્વતંત્ર સાહેદ કે પંચસાહેદોનું સમર્થન મળેલ નથી. જેથી ફરીયાદી અને પોલીસ સાહેદોની જુબાનીમાં વિશ્વસનીયતા જણાતી નથી. જે સંજોગોમાં આરોપી સામેનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદા નં. ૧ નો જવાબ

નકારમાં આપી, મુદા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>::: આખરી હુકમ :::</u>**

(૧) આ કામના આરોપીઓને ક્રિ.પ્રો.કોડ,૧૯૭૩ ની કલમ –૨૪૮(૧) અન્વયે ગુજરાત પ્રોહિબીશન એકટ, ૧૯૪૯ ની કલમ–૬૫(એ)(ઈ), ૯૮(૨), ૮૧, ૧૧૬(ખ) મુજબના ગુન્હા માંથી શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) અપીલ સમય વીત્યે, મુદામાલ પાવતીમાં જણાવેલ પ્રોહીબીટેડ મુદામાલ દારૂનો નાશ કરવો તેમજ મુદામાલ મોબાઈલ તથા વાહનો અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે હુકમ કાયમ રાખવામાં આવે છે અન્યથા મુદામાલ મોબાઈલ તથા વાહનો તેના મુળ માલિકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) ની જોગવાઈ મુજબ સદર ચુકાદા વિરુઘ્ધ અપીલ થાય તો તે સંદર્ભે ના છ માસના સમયગાળા માટે જામીન રજુ કરવા.

ઉપરોકત હુકમ આજરોજ તારીખ :૧૮ માહે :જુન,સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૧૮/૦૬/૨૦૨૬**
**નેત્રંગ.**

**( હર્ષદ રાજાભાઈ ખમલ )**
**જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**નેત્રંગ.**
**(જજ કોડ નંબર – GJ01749)**